## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

ઘડી ટેકા ઘડી ઢેફાં, એ મુલાયમ માર્ગ છે,
ટિકીટો પડાવવાનો એ મુલાયમ માર્ગ છે,
મુલાયમ માર્ગ છે, દહીં-દૂધમાં રહેવાનો -
સ્વાર્થી સંબંધો બાંધવાનો એ મુલાયમ માર્ગ છે

### હાઈકુ

મહત્ત્વ નથી,
સાચાનું, ચાલે અહીં -
નકલી નોટો!

ચવાય અહીં,
કાયદાઓની જેમ,
હજુ ગુટખાં..

## ચિંતન

**પરીવાદસ્તથ્યો ભવતિ વિતથો વાપિ મહતા તથાપ્યુ ચૈ ર્ધામ્નો હરતિ મહિમાનં જનરવઃ ।**
**તુલોત્તીર્ણ સ્થાપિ પ્રકટિત હતા શેષ તમસો ખેસ્તાદ કતેજો નહિ ભવતિ કન્યાં ગતવતઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય- ‘સામાન્યનીતિ’ નો આ શ્લોક છે :

પરિવાર-વિવાદ-અથવા કલંક-આળ તથ્યવાળું હોય કે ખોટું પણ હોય, તો પણ, તે વિશેનો લોકાપવાદ-હોબાળો-ચર્ચા-મહાન-તેજસ્વી માણસના મહિમાને થોડી ઘણી પણ ઝાંખપ તો પહોંચાડે જ છે, મહત્ત્વને અસર કરે જ છે.

આ વાતના સમર્થનમાં શ્લોકના બીજા અર્ધ ભાગમાં જયોતિષ વિષયક આધારિત દૃષ્ટાંત આપી સમજાવતાં કહ્યું છે કે સૂર્ય જયારે કન્યા રાશિમાં રહ્યો હોય ત્યારે-વાદળીમાં વાતાવરણને કારણે એટલો પ્રકાશિત થઇ શકતો નથી. (અથવા સૂર્યના કન્યા ગામી પણાને કારણે લોકપવાદનું ખોટું કલંક તેના પર આવવાથી લાગેલ ઝાંખપ) તે જયારે તુલા રાશિનો થાય ત્યારે નિરભ્ર આકાશમાં ફરી પ્રકાશિત થાય છે ત્યારે બધાં કલંકના વાદળો દૂર થઇ જાય છે.

જેમ અમિતાભ બચ્ચન બોફોર્સમાં, શ્રી મનમોહનસિંહ કોલસામાં, શ્રી સંજીવ જોષી સીડીકાંડમાં પ્રથમ તો કલંકિત થાય જ પણ જયારે અસત્યના વાદળ વિખરાય ત્યારે ફરી પોતાનો મહિમા-મહત્ત્વને ધારણ કરી લે છે.

## સુવિચાર

- ગહન અધ્યયન એ જ જ્ઞાન ઉપાર્જનનો પાયો છે - **ચાણક્ય**
- ચિંતાથી, સુખ, બળ અને જ્ઞાનનો નાશ થાય છે - **ગોરખનાથ**
- પ્રસિધ્ધિ એ એક અકસ્માત છે, તમારી મિલ્કત નથી - **થોમસ કાર્લાઇલ**
- જો લોકોને ખરેખર સુખી કરવા હોય તો સૌથી પહેલી જરૂર છે રાજકારણમાંથી ધર્મને દેશવટો દેવાની - **કાર્લ માર્ક્સ**
- સુખી થવા માટે પણ ઘણાં દુઃખ વેઠવાં પડે છે - **મૉન્ટેગ્યુ**
- જો સજ્જન લોકો રાજકારણમાં નહીં આવે તો તેમને દુર્જનોના તાબામાં જીવવું પડશે - **ડો. રાધાકૃષ્ણન્**
- સ્ત્રી’ના વિના પુરૂષનું બાળપણ નિઃસહાય છે, યુવાની સુખ વગરની છે, અને વૃધ્ધાવસ્થા સાચા વફાદાર સાથી વિનાની છે - **સેમ્યુઅલ જોન્સન**

## બોધ કથા

આપણા વિચાર-આચાર-વાચન-ચિંતન-મનન-સત્સંગ-સંગતની અસર આપણા વર્તન-આચરણ પર પડે છે, માટે જ હકારાત્મક વિચાર અને સત્સંગનો આગ્રહ રાખવામાં આવે છે. આ વાત સમજાવવા કોઇ કથાકારે દૃષ્ટાંત પ્રયોજ્યું છે:

સીતાજી જયારે અશોક વાટિકામાં હતા ત્યારે રાવણ રોજ અવનવાં રૂપ-સૌંદર્યવાળા યુવાન રાજકુમારના વેશભૂષા-ધારણ કરી સીતાજીને ચલિત કરવા જતો પતી સીતાજી તેની સામે આંખ ઊંચી કરીને જોતાં જ નહીં.

રાવણ એક સંત પાસે ગયો અને સીતાજીને ચલિત કરવાની યુક્તિ પૂછી. સંતને થયું રાવણને સુધારવાની આ સારી તક છે તેથી કહ્યું તમે તો રાક્ષસીવૃત્તિને કારણે ગમે તે રૂપ સ્વરૂપ ધારણ કરી શકો છો. માયાવી ‘રામ’ બની જાવ અને સીતા પાસે જાવ, પછી તો સીતાજી તમારો સ્વીકાર કરી જ લેશે!

રાવણ રામનું સ્વરૂપ લેવા ધ્યાનમાં બેઠો. બેઠો તે બેઠો - રામમય થઇ ગયો. વિચાર-વર્તન-આદર્શ મર્યાદા પુરૂષોત્તમ રામના થઇ ગયાં. બોલી પણ બદલાઇ ગઇ. રામમય થઇ ગયો.

ત્યાં મંદોદરી આવી સૂરાપાન કરાવ્યું ત્યારે ભાનમાં આવ્યો, એટલે ફરી બેભાન થઇ રાવણ થઇ ગયો.

# ભાવી પેઢી માટે આપણી પૃથ્વીના વાતાવરણને સુરક્ષિત રાખીએ...

## ૧૬મી સપ્ટેમ્બર : ઓઝોન દિન

- નરેશ ઠાકર

વર્ષ ૧૯૮૭માં, કેનેડા દેશમાં મોન્ટ્રીયલ ખાતે વિશ્વના ૨૪ દેશોના પ્રતિનિધિઓએ એક અવાજમાં વિશ્વને જણાવ્યું હતું કે, - સૂર્ય કિરણોમાં રહેલા અલ્ટ્રાવાયોલેટ-પારજાબંલી કિરણોથી પૃથ્વી પરની જીવસૃષ્ટિને થતી માઠી અસરો સામે આપણી પૃથ્વી ફરતે આવેલ ઑઝોનવાયુ પડ કવચની જેમ અસરકારક કાર્ય કરે છે. આ ઑઝોનનો દરેક અણુ ઑક્સિજનના ત્રણ પરમાણુથી બને છે. આ ઑઝોનવાયુ પડમાં ગાબડા પડ્યા છે. આ ઑઝોનવાયુ પડને ક્ષીણ કરતા ચોક્કસ પદાર્થોની વૈજ્ઞાનિકોએ ઓળખ કરી છે. જીવસૃષ્ટિ પર થઈ રહેલ માઠી વિપરીત અસરથી બચવા માટે, આ ઑઝોનવાયુ સામે ખતરારૂપ ચોક્કસ પદાર્થોને વિશ્વમાંથી તિલાંજલી આપીને ઑઝોનવાયુ પડની માવજત કરવાનો સમય પાકી ગયો છે. પૃથ્વીની સપાટી પર પહોંચતા પારજાંબલી-અલ્ટ્રાવાયોલેટ કિરણોને ગાળતા કે ફિલ્ટર કરીને તેનાથી થતી વિપરીત અસર ખાળીને પૃથ્વી પરની જીવસૃષ્ટિને સુરક્ષિત રાખતા ઑઝોનવાયુ પડની જાળવણીની જરૂરીયાતને સ્વીકારવામાં આવી છે. આ ઑઝોનવાયુ પડનો ઘટાડો કરતા ઓ.ડી.એસ. (ઑઝોન ડિપ્લીટિંગ સબસ્ટન્સિસ) પદાર્થોની ઓળખ કરવામાં આવી, અને આવા પદાર્થોથી ક્રમશઃ છૂટકારો મેળવવા માટે આકરા નિર્ણયો લેવામાં આવ્યા. પદાર્થો બાબતે મહત્વના મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણની વિશેષતા દર્શાવવાનું નક્કી કરવામાં આવ્યું.




ઑઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થો ઓ.ડી.એસ.- ઑઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસ તરીકે ઓળખવામાં આવે છે. સૌ પ્રથમ આ ઓ.ડી.એસ. પદાર્થોના વપરાશ અને ઉત્પાદનને નિયંત્રિત કરવામાં આવ્યો, ત્યારબાદ તેના ઉત્પાદનમાં ક્રમશઃ ઘટાડો કરીને નિયત સમયમર્યાદા અગાઉ તેનું ઉત્પાદન નાબૂદ કરવામાં સફળતા મેળવવામાં આવી છે. પરિણામે, ઑઝોનવાયુના પડને તેમજ સરવાળે ભાવી પેઢીને સુરક્ષિત રાખવામાં સહાયભૂત બન્યું છે. તદ્ઉપરાંત, મોસમ પરિવર્તનની સમસ્યા હળવી કરવામાં થઈ રહેલ વૈશ્વિક પ્રયાસોમાં પણ નોંધપાત્ર ફાળો મળ્યો છે. ફળસ્વરૂપે, પૃથ્વી સુધી પહોંચતા પારજાંબલી (અલ્ટ્રાવાયોલેટ) કિરણોનું ઉત્સર્જન (રેડિએસન) સીમિત થયું છે, જેથી માનવ સ્વાસ્થ્ય તેમજ પૃથ્વીની પર્યાવરણીય પ્રકૃતિ (ઈકોસિસ્ટમ) સુરક્ષિત બની રહી છે.






વિયેના સંમેલન : યુએન-યુનાઈટેડ નેશન્સના ઈતિહાસમાં, પ્રારંભે ૨૪ અને હવે વધીને ૧૯૭ દેશોએ ઑઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થો બાબતે કરેલ મોન્ટ્રીયલ પ્રોટોકોલથી હાંસલ થયેલ સફળતાને આલેખવામાં આવી છે. આ અંગે ઑઝોનવાયુ પડની જાળવણી માટે વિયેના ખાતે સંપન્ન થયેલ સંમેલનમાં કરવામાં આવેલ જાહેરાત મુજબ ઑઝોનવાયુ પડને ક્ષીણ કરતા પદાર્થોનું ઉત્પાદન અને વપરાશ ઘટાડવામાં ૯૭ ટકા સિદ્ધિ હાંસલ થઈ ચૂકી છે. પરંતુ, ઑઝોનવાયુ પડ સંબંધિત કામગીરી હજી ચાલુ રાખવાની તાતી જરૂર છે.

મોન્ટ્રીયલ પ્રોટોકોલમાં કરારબદ્ધ થયેલા તમામ દેશોના સરકારી અને બીનસરકારી સંસ્થાઓની સચોટ વચન પાલનને સન્માનિત કરવાના કેટલાક મુદ્દાઓની થયેલ ઘોષણા નીચે મુજબ છે.

૧. વર્ષ ૧૯૮૭ના ૧૬મી સપ્ટેમ્બરના રોજ ઑઝોનવાયુ પડને ક્ષીણ કરતા ઓ.ડી.એસ. પદાર્થો અંગે થયેલ મોન્ટ્રીયલ પ્રોટોકોલ-કરારની સ્મૃતિમાં, દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બરનો દિવસ આંતરરાષ્ટ્રીય ઑઝોનવાયુ પડ જાળવણી દિન તરીકે ઉજવવાની ઘોષણા કરવામાં આવી.

૨. દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બરનો દિવસ આંતરરાષ્ટ્રીય ઑઝોનવાયુ પડ જાળવણી દિન તરીકે સફળપણે ઉજવવામાં આવે તે હેતુથી, યુએન-યુનાઈટેડ નેશન્સના મહાસચિવને સદર કામગીરી માટે જરૂરી પગલાં લેવા વિનંતી કરવાનું નક્કી કર્યું.

૩. મોન્ટ્રીયલ પ્રોટોકોલ-કરાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓના હેતુઓ અને લક્ષોને અનુરૂપ રાષ્ટ્રીયસ્તરે સચોટ કાર્યક્રમો યોજવા દરેક દેશને નિમંત્રણ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

૪. યુએન-યુનાઈટેડ નેશન્સના તમામ સભ્યદેશો દ્વારા આંતરરાષ્ટ્રીય ઑઝોનવાયુ પડ જાળવણી દિનની ઉજવણીના વિભિન્ન કાર્યક્રમો યોજવામાં આવે તે માટે જરૂરી સંસાધનો પુરા પાડવાના રસ્તાઓ દર્શાવવા યુએન-યુનાઈટેડ નેશન્સના મહાસચિવને વિનંતી કરવામાં આવી છે.

જેના ભાગરૂપે, આ કાર્યને આગળ ધપાવવાના ઉમદા હેતુથી યુએન-યુનાઈટેડ નેશન્સની તારીખ ૧૯.૧૨.૧૯૯૪ના રોજ મળેલ સામાન્યસભામાં ઠરાવ (ક્રમાંકઃ ૪૯/૧૧૪ ડિસેમ્બર ૧૯૯૪) પસાર કરીને જણાવ્યું કે, હવેથી એટલે કે વર્ષ ૧૯૯૫થી, દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બરના દિવસને આંતરરાષ્ટ્રીય ઑઝોનવાયુ પડની જાળવણી માટેના દિવસ તરીકે વૈશ્વિકસ્તરે ઉજવણી કરવાનું જાહેર કરવાની ઘોષણા કરવામાં આવે છે.

સિમ્બોલ- ચિન્હ : પૃથ્વીના કુદરતી પર્યાવરણની માવજત માટેના સંબંધિત ચિત્રો, પોસ્ટર્સ, સાહિત્ય, વગેરે પ્રોત્સાહક સામગ્રીમાં સૂર્ય, આકાશ કે પૃથ્વીનું ચિન્હ દર્શાવવામાં આવે છે.

વિશ્વના દેશોનું સત્તાવાર સંગઠન ગણાતા યુએન- યુનાઈટેડ નેશન્સની પર્યાવરણીય બાબતોની દેખરેખ રાખતી સંસ્થા યુએનઈપી- યુનાઈટેડ નેશન્સ ઍન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ નામથી જાણીતી સંસ્થાના ઑઝોન મંત્રાલયના ઍક્ઝિક્યૂટિવ સેક્રેટરી માર્કો ગોન્ઝાલેઝના પત્ર તારીખ ૯.૩.૨૦૧૨માં જણાવ્યા મુજબ દર વર્ષે ૧૬મી સપ્ટેમ્બરના દિવસને ઑઝોન પડની જાળવણીના આંતરરાષ્ટ્રીય દિન તરીકે ઉજવવામાં આવે છે. - **‘Protecting our atmosphere for generations to come’** અર્થાત્ - ‘ભાવી પેઢી માટે આપણી પૃથ્વીના વાતાવરણને સુરક્ષિત રાખીએ.’ શિર્ષક હેઠળનું વર્ષ ૨૦૧૨ના ઑઝોનદિનનું વિષયવસ્તુ જાહેર કરવામાં આવ્યું છે.

ઑઝોનવાયુનું પડ ક્ષીણ થતું રોકવા અંગે નિયંત્રણો લાદવાનો પ્રારંભ કરવા માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલનો મૂળ કરાર વર્ષ ૧૯૮૭માં થયો હતો. વર્તમાન વર્ષ ૨૦૧૨થી આ ઘટના પચ્ચીસ વર્ષ પૂર્વે થયેલ હતી, જેથી ચાલુ વર્ષને ઑઝોનવાયુના પડને ક્ષીણ કરતા પદાર્થો વિષયક થયેલ મોન્ટ્રીયલ કરારના રજતજયંતિ વર્ષ તરીકે પણ ઉજવવામાં આવી રહ્યું છે. વિશ્વના જુદાજુદા દેશોની સરકારે અસામાન્યરીતે સહકાર કેળવીને મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણ થકી હાંસલ કરેલ પર્યાવરણીય ફાયદાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. ચાલુ વર્ષે મોન્ટ્રીયલ કરારના રજતજયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે યુએનઈપી દ્વારા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે, યુએનઈપી ઑઝોન ઍક્સન ગૃપ, મલ્ટીલેટર્લ ફંડ મંત્રાલય, યુએનડીપી, યુનિડો કે વિશ્વબેન્ક મારફતે અન્ય હિત ધારકો સાથે મળીને પર્યાવરણને અનુકૂળ હોય તેવા જુદાજુદા ઉત્પાદનોનો વિકાસ કરવા તેમજ રાષ્ટ્રીયસ્તરે સૌ સંબંધિતોને આ ઉજવણીની પ્રવૃત્તિઓમાં સહાયક બનવાની કામગીરી કરવામાં આવી રહી છે.


ઑઝોન ઍવોર્ડ : વિયેના કન્વેન્સનથી ઓળખાતા, ઑઝોનવાયુ પડની સુરક્ષા માટે વિયેના ખાતે વર્ષ ૧૯૯૫માં, વિયેના કન્વેન્સનની દસાબ્દી ઉજવણી પ્રસંગે મળેલ સંમેલનમાં ઑઝોન ઍવોર્ડ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. પૃથ્વી ફરતે ઑઝોનવાયુ પડને સુરક્ષિત રાખવા માટે, ઑઝોનવાયુ પડના ઘટાડાના કારણોની સમજને વ્યાપક બનાવવા માટે તેમજ આંતરરાષ્ટ્રીય કાર્યો અર્થે સચોટ પાયાની વિગતો પુરી પાડવા વૈજ્ઞાનિક મૂલ્યની સ્વીકૃતિરૂપે સંબંધિત ક્ષેત્રોમાં ઉત્તમ સિદ્ધિ હાંસલ કરેલ વ્યક્તિગત્ કામગીરીની કદર કરવા માટે આ ઑઝોન ઍવોર્ડ એનાયત કરવામાં આવે છે. આવા ઍવોર્ડથી ઑઝોનવાયુ પડ ક્ષીણ કરતા પદાર્થોને બદલે વ્યવહારૂ વિકલ્પોના શક્ય સ્રોતોની ટેકનોલોજીનો ઉપયોગ કરવાના પ્રયાસોના નીતિ વિષયક અને અમલીકરણ બાબતે હાંસલ થતી કામગીરીના ક્ષેત્રોને અગ્રતા મળે છે. લોકોને સામેલ કરીને જનજાગૃતિ ફેલાવવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થતા પ્રયાસોને તેમજ ઑઝોનવાયુ પડની સમસ્યાના ઉપાયોના ક્ષેત્રોને ઑઝોન ઍવોર્ડ મારફતે કદર કરવામાં આવે છે. આ ઑઝોન ઍવોર્ડ વર્ષ ૧૯૯૭માં મોન્ટ્રીયલ પ્રોટોકોલના થયેલ કરારના દસાબ્દી પ્રસંગે તેમજ વર્ષ ૨૦૦૫માં ઑઝોનવાયુ પડની સુરક્ષા માટે મળેલ વિયેના કન્વેન્સનની વીસમી વર્ષગાંઠ પ્રસંગે ઑઝોન ઍવોર્ડ આપ્યા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જન્મ દિવસનાં ચિંતનમાં અજંપો અને અટલજીની એક કવિતા...

## મારી નજરે

- વિષ્ણુ પંડ્યા



**જન્મદિવસે -**

અટલ બિહારી વાજયેપીને, અમે વડોદરા સેન્ટ્રલ જેલમાં ‘મીસા’ના અટકાયતીઓએ તેમના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. પત્ર મેં લખ્યો અને તેમાં સહી બાબુભાઈ જ. પટેલ, નવલભાઈ શાહ, રામલાલ પરિખ, દિનેશ શાહ, શંકરસિંહસ વાઘેલા, બ્રહ્મકુમાર ભટ્ટ સહિત બીજા ઘણાએ કરી. જેલની જેલ વડોદરાથી બેંગ્લોર - પત્ર પહોંચે તો ખરો, પણ સેન્સર થયેલો! સદ્ભાગ્યે, વાજયેપીને તેમની ગંભીર બીમારીને લીધે બેંગ્લોર જેલથી નવી દિલ્હીથી આઈઆઈએમ હૉસ્પિટલમાં ખસેડાયેલો. છેક આઠમા માળે, એકાંતિક કમરો, મુલાકાતની સદંત્તર મનાઈ!

વાજપેયીએ અમારા પેલા પત્રના જવાબમાં પોતાનું સુંદર - સુઘડ હસ્તાક્ષરોમાં જવાબ આપ્યો તે પંદર દિવસે અમને મળ્યો. તેમણે લખ્યું હતું કે જન્મદિવસ આનંદ - ઉલ્લાસનો અવસર ગણાય કે વિષાદનો? એક વર્ષ ઉમેરાય છે કે વીતી જાય છે - સમજાતું નથી.

પછી, એ જ પત્રમાં તેમણે એક પંક્તિ આપી હતી :

“ચેત શકે તો ચેત,
નારાયણ, અબ ચેત!
કાલ ચિડૈયાં ચૂગ રહી
નિશિદિન દાના ખેત!”

> ● ‘યાત્રા’ના રૂપ-રંગ અને ઢંગ બદલાય છે...
> ● ભાંગીતૂટી અર્થવ્યવસ્થા અને ભાંગીતૂટી નેતાગીરી!

હૉસ્પિટલની પથારી પરથી અટલજીએ આવું લખ્યું ત્યારે તેમનાં મનમાં કઈ લાગણી હશે? આ સવાલ કાયમ મનમાં રહી ગયો છે અને તેમને પૂછવાનો યે રહી ગયો! હા, તેમની એક જન્મદિવસ - કવિતામાં એક પંક્તિ જરૂર છે - “જન્મ દિવસ પર હમ ઈઠલાતે, કયોં ના મરણ - ત્યૌહાર મનાતે?”

એક બીજા કાવ્યમાં (જે ન્યૂયોર્કની હૉસ્પિટલમાં અનિર્યાણક ઑપરેશન પહેલાં લખાયું હતું) તેમણએ “મૌત સે ઠન ગઇ...” એનો પડકાર પણ કર્યો હતો.

૧૪ સપ્ટેમ્બરે, ગાંધીનગર સહિતના મિત્રોએ જન્મદિવસની શુભેચ્છા પાઠવી ત્યારે અટલજીની એ કવિતા ફરીવાર યાદ આવી ગઈ. જિન્દગી પોતે જ સીધા સરળ રસ્તાની સફર નથી, ત્યાં ખાડા-ખબડા આવે છે, પહાડ, નદી અને સમુદ્ર જેવા અવરોધો યે સામે મળે છે. પરંતુ આવા જ માર્ગ પર સુખડ વૃક્ષની સુગંધ પણ મળે, નાનાં - નાનાં સુખોની એજ માયા! જીવન જીવવાનો તેમાંથી સહારો યે મળી રહે...

૧૪મીએ એક મિત્ર વળી, અલગ યાદ અપાવી; અંકશાસ્ત્રની દૃષ્ટિએ “સપ્ટેમ્બર - બૉર્ન” લોકો પરિવર્તન, પરિભ્રમણ અને પરાક્રમોને યે અજંપો અનુભવનારા હોય છે!’ જે હોય તે, મિત્ર - શુભેચ્છકો - સ્વજનો - સહૃદયો... જેમાંના કેટલાકે શુભેચ્છા પાઠવી, કેટલાંક નહીં મોકલી શક્યા હોય... સૌનો આભાર!

**અણથક યાત્રા!**

યાત્રા શબ્દ આમ તો જમાના જૂની ધાર્મિક આસ્થાનો એક રસ્તો છે. મોટરકાર કે રેલગાડી નહોતાં ત્યારે ય લોકો “ચારે ધામ”ની યાત્રાએ જતા. ભારત-પાકિસ્તાન થયા પછી પણ પાકિસ્તાનમાં આવેલાં નાનકાના સાહેબ અને માતા હિંગળાજનાં ‘દરશન’ની કેટલા બધાની ઈચ્છા રહે છે? પાકિસ્તાનના પ્રમુખ કે વડાપ્રધાન ભારત આવે તો અજમેરમાં દરગાહ પર ચાદર ચઢાવવા અચૂક જશે!

યાત્રાનો બીજો અર્થ આત્મીય એકતા અને વિકાસનો છે. નહિંતર કોઈ કચ્છી કે ગુજરાતી કાશ્મીરમાં વૈષ્ણોદેવી કે દક્ષિણમાં તિરૂપતિ બાલાજી અને ‘વૈષ્ણોદેવી’ કે ‘ચાર ધામ’ની આબેહૂમ કૃતિ બીજે પણ સ્થાપિત થાય છે. જૂનાગઢ જિલ્લાના ખોસારા ગામે એકવાર પ્રવાસે ગયો તો ત્યાં બાલાજીનું સુંદર સ્વરૂપે મંદિર છે! આપણી તો સંસ્કૃતિ જ એવી છે, મનસુખલાલ ઝવેરીનાં એક ગીતની જેમ કે, “બાળપણાની ટેવથી મારા હાથ જોડાઈ જાય, દેવનું ભાળું દહેરૂં કે કંકુકેસર કેરી છાંય!”

દેશમાં આવેલાં દૂરસૂદૂરનાં યાત્રાધામો સુધી આપણે ‘યાત્રા’ કરીએ ત્યારે સમગ્ર દેશ આપણો છે એવો ભાવ પ્રગટ થાય છે. ભારતમાતા અમસ્તું નથી કહેવાતું! ભૂજ - ભચાઉ - માંડવી - રાપરથી કન્યાકુમારી કે રામસેતુ સમુદ્ર જનારને પોતાનાં ગામ જેવી જ લાગણી ત્યાં પણ થશે.

યાત્રાનો ત્રીજો અર્થ પરિભ્રમણ દ્વારા જનતા જનાર્દનની પીડા અને મહત્ત્વાકાંક્ષાનો અંદાજ મેળવવાોન યે છે! આદિ શંકરાચાર્ય, ગુરૂ નાનક, વલ્લભાચાર્ય, મહાવીર સ્વામી, ગૌતમ બુધ્ધ, સ્વામી વિવેકાનંદ સહિત બધા પહેલાં તો દેશનું પરિભ્રમણ જ કર્યું હતું ને! ... અને ‘યાત્રા’ નો એક વધુ અર્થ જાણવા તમે આતુર હશો તે હાલની રાજકીય ‘યાત્રા’ઓ!! તેની આ રહી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૧૬મી સપ્ટેમ્બર

અગ્રણી વિદેશી સામયિકોમાં જેમની કલમ ચમકયા કરતી, અમૃત બજાર પત્રિકાના ખબરપત્ર ગુજરાતી સાહિત્યમાં વિશેષ પ્રદાન કરનારા કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીની જન્મ જયંતિ.

કોડિયા, પુનરવિ - કાવ્ય સંગ્રહ, વડલો, મોરનાં ઇંડા, પિયાગોરો નાટ્યગ્રંથો. રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો. દિલ્હીમાં રહીને ગુજરાતી લેખક સંઘનાં પ્રમુખ તરીકે નોંધપાત્ર પ્રદાન કર્યું.

● ૧૮૧૦ માં સ્પેનથી મેક્સિકો દેશ સ્વતંત્ર થયો.

● પ્રસિધ્ધ શાયર સતીશકુમાર દવાવાળા - ‘નકાબ’નો જન્મ - ૧૯૪૮.



● જાણીતા લેખક મનુભાઇ જોધાણીનો જન્મ ૧૯૦૨.



● ગાયિકા કેસરબાઇ કેરકરનું અવસાન ૧૯૭૭.

# મરણોન્મુખ નિવેદન (ડાઇંગ ડેક્લેરશન) અંગે સરળ સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

સામાન્ય રીતે મરણપથારી ઉપર સુતેલા વ્યક્તિ ખોટું બોલતો નથી. તેવું માનવામાં આવે છે. ભારતીય પુરાવાની કલમ - ૩૨ મુજબ ડાઇંગ ડેકલરેશન એટલે કે મરણોન્મુખ નિવેદન મરનાર વ્યક્તિ છેલ્લી ઘડીએ જે પણ કાંઇ જણાવે તે સત્ય જ ગણવામાં આવે છે. આવું ડાઇંગ ડેકલરેશન એકઝીક્યૂટીવ મેજીસ્ટ્રેટ, પોલીસ અધિકારી, તેમજ નિષ્ણાંત ડોકટરની હાજરીમાં લેખિતમાં લેવામાં આવે છે. સામાન્ય રીતે અપમૃત્યુ, આપઘાત, અગર તો ઇરાદાપૂર્વક કોઇ વ્યક્તિને મૃત્યુના મૂળમાં ધકેલવામાં ઓ ત્યારે ગુનેગારને યોગ્ય સજા મળે તેવા ઉમદા હેતુથી મરણોન્મુખ નિવેદનનું પુરાવામાં ખૂબ જ મહત્ત્વ છે. જો ડાઇંગ ડેકલરેશન ના લેવામાં આવ્યું હોય અથવા તો તેવા સંજોગો પહેલાં દર્દીનું મૃત્યુ થયું હોય તો, સાંયોગિક પુરાવાના આધારે, પોસ્ટમોર્ટમ રીપોર્ટના આધારે, વિસરા રીપોર્ટના આધારે તેમજ પેનલ ડોકટરના પોસ્ટ માર્ટમ રીપોર્ટના આધારે ગુનો નોંધી ગુનેગારને સજા કરવામાં આવે છે.

પુરાવાનું મૂલ્યાંકન એટલે કે ડાઇંગ ડેકલરેશનના આધારે સજા થઇ શકે પણ તે ભરોસાપાત્ર અને સ્વેચ્છાએ કરેલું હોય તો અને સુસંગત હોય ત્યારે તેને જોડતા સંપૂર્ણ ભાગોનું રિપોર્ટીંગ કરેલ હોય ત્યારે માની શકાય.

મરનારે પોતે જુદા જુદા વિરોધાભાસી ડાઇંગ ડેકલરેશનના નિવેદનો કરેલા હોય તો પુરાવા લીધા સવાય એને સ્વીકારી શકાય નહીં. અને આવા નિવેદનની કિંમત કે સાવચેતી કેસમાં જણાતી નથી તેવું માનવામાં આવે છે.

ડાઇંગ ડેકલરેશન સમયે નિવેદન આપનાર વ્યક્તિ સભાન અવસ્થામાં હોવી જોઇએ. સ્પષ્ટ લેખિતમાં નિવેદન લેવું જોઇએ. ઇશારા કે સાંયોગિક ભાષાના નિવેદનો પુરાવામાં ગ્રાહ્ય ગણવામાં આવતા નથી. પરિણામે પુરાવાના અભાવે શંકાના આધારે આરોપીઓ નિર્દોષ છૂટી જાય છે.

તપાસ કરનાર અધિકારીએ ડાઇંગ ડેકલરેશન લીધું પરંતુ તેમાં સમય, સ્થળ અને તારીખ લખેલ ના હોય આવું નિવેદન શંકાશીલ ગણવામાં આવેલ સુપ્રિમ કોર્ટનાં ૧૯૮૬ના ચુકાદામાં શંકાશીલ નિવેદન સ્વીકારવામાં આવેલ નહીં જેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવેલ.

મરણોન્મુખ નિવેદનના આધારે સજાનો આધાર હોય છે, મહિલાને જયારે દવાખાનામાં દાખલ કરી ત્યારે પોલીસ અધિકારી સમક્ષ જણાવેલ તેણે જાતે શરીર ઉપર કેરોસીન છાંટેલ અને સગળી છે. પરંતુ ૪ કલાક બાદ મરણોન્મુખ નિવેદનમાં આરોપીના નામ જણાવેલ અને સળગાવી મુકી છે. તેમ જણાવેલ, પરંતુ બનાવનું સત્ય, આરોપીની હાજરી, સાંયોગિક પુરાવામાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય શંકાના આધારે સજા સેરેસાઇટ કરી આરોપીને IPC કલમ ૩૦૨ ના ગુનામાં નિર્દોષ છોડી મુકેલ.

મૌખિક મરણોન્મુખ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય ગણવામાં આવતા નથી. મરનારે પીતા સમક્ષ નિવેદનમાં જણાવેલ કે તેના પતિએ સળગાવેલ છે. જેના આધારે મહિલાના પિતાએ ફરિયાદ નોંધાવેલ. પરંતુ મહિલાએ મરણોન્મુખ નિવેદનમાં આ બાબતનો ઉલ્લેખ કરેલ નહોતો. સદર કેસમાંના ગુજરાત હાઇકોર્ટે પીતાના મૌખિક નિવેદન આધારે આરોપીને સજા ફરમાવી શકાય તેમ નથી. તેવું જણાવી આરોપીને નિર્દોષ છોડી મુકેલ.

મકનારનું નિવેદન બનાવ પછી તરત જ લેવું પડે એટલે કે વ્યક્તિનો જીવ જોખમમાં હોય, કોમામાં જવાની શક્યતા હોય તેવા સમયે સભાન અવસ્થામાં નિષ્ણાંત તબીબોની હાજરીમાં માન્ય પોલીસ અધિકારી, મામલતદારશ્રી રૂબરૂ નિવેદન લેવામાં આવે તેને જ પુરાવામાં માન્ય ગણવામાં આવે છે.

કાયદો જાગતોને મદદ કરે, બનાવ બને તેવા સમયે તરત જ. પોલીસ અધિકારી રૂબરૂ સત્ય ઘટનાનું વર્ણન કોણએ આપઘાત તરફ દોરેલ છે. અગર તો ઝેર આપેલ છે, કે સળગાવી દિધેલ છે. અગર તો ગળે ટૂંપો આપેલ છે. તે સ્પષ્ટ જણાવવું જોઇએ. તેમજ કયાં કયાં વ્યક્તિની સંડોવળી હતી. આરોપી એક યા વધારે હોય તો તેમની નામ સાથે મરનારના સાથેના સંબંધનો ઉલ્લેખ કરી આરોપીએ ભજવેલી ભૂમિકાનું સ્પષ્ટ વર્ણન કરેલ હોય તો કૃત્ય આચરનાર સામે સજ્જડ પુરાવા, સાંયોગિક, પુરાવા પ્રત્યક્ષ સાક્ષી હોય તો તેના નિવેદન બનાવવાળી જગ્યાનું પંચનામું, તમામ બાબત મરણોન્મુખ નિવેદનની સત્યતા ચકાસવામાં તપાસ અધિકારીએ મદદ કરે છે. પરિણામે આરોપીને સજા કરવાના કોર્ટને યોગ્ય પુરાવા મળી રહે છે. અને સમાજમાં દાખલો બેસે લોકો ગુના કરતાં ડરે તેવી સજા કોર્ટ દ્વારા ફરમાવવામાં આવે છે.